## જન્મદિને વધામણી



**ઈન્દ્રવદન સી પંડ્યા**
પૂર્વ પ્રમુખ
ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘ
મો. ૯૯૨૪૧ ૧૫૨૫૪



**અર્જુનસિંહ પ્રતાપસિંહ વાઘેલા**
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા સંચાલક મંડળ
મો. ૯૮૭૯૬ ૧૯૧૫૧



**નરેશ આર શાહ**
ટ્રસ્ટી, પ્રેરણા વિદ્યાલય
મો. ૯૮૨૫૨ ૯૮૮૨૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સરકારી વિજ્ઞાન કૉલેજમાં રમતોત્સવ-૨૦૧૭







ગાંધીનગર, તા. ૭

સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગરની ખેલકૂદ, યોગ, વ્યાયામ ધારા તથા જીમખાના સમિતિ દ્વારા રમતોત્સવ-૨૦૧૭ અંતર્ગત ઈન્ટરકલાસ ક્રિકેટ, વૉલીબૉલ, કબડ્ડી, ટેબલ ટૅનિસ તેમજ બૅડમિન્ટન ટુર્નામૅન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આચાર્ય ડૉ. કે જી છાયા અને વિદ્યાર્થી પ્રતિનિધિ સભાના ચૅરમૅન ડૉ. ડી એ ઓડેદરાએ આ રમતોત્સવમાં ભાગ લેનાર સ્પર્ધકોને જીવનમાં રમતગમતનું મહત્ત્વ સમજાવી પ્રતિજ્ઞાવાચન કરાવ્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રગાન ગવાયું હતું અને તે પછી રમતોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ક્રિકટ ટુર્નામૅન્ટમાં કુલ સોળ ટીમોએ ભાગ લીધો હતો, જે પૈકી રાજપાલ બોરણાના નેતૃત્ત્વવાળી બીઍસસી સૅમ-૬ની ટીમ ચૅમ્પિયન બની હતી. પટેલ જતિનને બેસ્ટ બૅટ્સમૅન, ભગીરથ માળીને બેસ્ટ બૉલર ઑફ ધી ટુર્નામૅન્ટ અને રાજપાલ બોરણાને મૅન ઑફ ધી સિરીઝ ઘોષિત કરવામાં આવ્યા હતા. વૉલીબૉલ ટુર્નામૅન્ટમાં કુલ સાત ટીમોએ ભાગ લીધો હતો, જે પૈકી રાજપૂત દિલીપસિંહના નેતૃત્ત્વવાળી બીઍસસી સૅમ-૬ની ટીમ ચૅમ્પિયન બની હતી. દિલીપસિંહને બેસ્ટ વૉલીબૉલ પ્લેયર ઘોષિત કરવામાં આવ્યા હતા.

કબડ્ડી ટુર્નામૅન્ટમાં ચાર ટીમોએ ભાગ લીધો હતો, જે પૈકી લકીરાજસિંહ જાડેજાના નેતૃત્ત્વવાળી બીઍસસી સૅમ-૪ની ટીમ ચૅમ્પિયન બની હતી. ટેબલ ટૅનિસ ટુર્નામૅન્ટમાં ભાગ લેનારા સ્પર્ધકો પૈકી શૈલેષ ઓડેદરા, કુશ પટેલ અને નિર્મલ ચાવડાને અનુક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. બેડમિન્ટન ટુર્નામૅન્ટમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ પૈકી સુમિતા પાંડર, દિપ્તિ ઉપાધ્યાય, પ્રિયંકા વાઘેલાને અનુક્રમે વિજેતા ઘોષિત જાહેર કરવામાં આવ્યા હતા.

રમતોત્સવમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને તેમજ વિજેતા ટીમોને કૉલેજની જીમખાના સમિતિ, પીટીઆઈ, વિદ્યાર્થી પ્રતિનિધિ સભાના ચૅરમૅન ડૉ. ડી એ ઓડેદરા અને આચાર્ય ડૉ. કે જી છાયાએ અભિનંદન પાઠવ્યા હતા.

### બાળ સાહિત્ય અકાદમીનું ૧૭મું અધિવેશન સંપન્ન

# મૂલ્યનિષ્ઠ લખાણો દ્વારા બાળ સાહિત્યનું સંવર્ધન કરીએ



ગાંધીનગર, તા. ૫

બાળ સાહિત્ય અકાદમીનું ૧૭મું અધિવેશન ભાવનગરની શિશુ વિહાર શિક્ષણ સંસ્થાના વડા ડૉ. નાનક ભટ્ટના અધ્યક્ષ સ્થાને ગૂજરાત વિદ્યાપીઠ ખાતે સંપન્ન થયું હતું.

ડૉ. ભટ્ટે બાળકોમાં ગળથૂથી પાવાનો મહિમા સમજાવીને મૂલ્યનિષ્ઠ લખાણો દ્વારા બાળ સાહિત્યનું સંવર્ધન કરવાનો અનુરોધ આ પ્રસંગે કર્યો હતો. પ્રથમ સત્રનું સંચાલન કરતાં બાળ સાહિત્ય અકાદમીના સ્થાપક અને અધ્યક્ષ યશવંત મહેતાએ સંસ્થાની રૂપરેખા આપી બાળ સાહિત્ય પુસ્તિકા શ્રેણી વિશે વાત કરી હતી. સત્રમાં બાળ સાહિત્યનું દસ્તાવેજીકરણ કરનારાં આરતીબેન કરાડે તથા જાણીતા તસવીરકાર કિરીટ શ્રીમાળીનું ચંદ્રક પ્રદાન કરીને સન્માન કરવામાં આવ્યું હતું. કિરીટ શ્રીમાળીની તસવીર કલા વિશે જાણીતા ઉદ્ઘોષક ભાનુભાઈ દવેએ વિસ્તૃત વાત કરી હતી. વિનયભાઈ ત્રિવેદીએ આરતીબેન કરાડેનો પરિચય આપ્યો હતો. તુષાર તપોધન દ્વારા સ્વ. નારાયણ તપોધનની બાળ સાહિત્ય યાત્રાની ઝાંખી કરાવવામાં આવી હતી. જાણીતા સાહિત્યસર્જક પ્રકાશ લાલાએ બાળ સાહિત્યમાં નાટકોનાં પુસ્તકો માટે પુરસ્કાર આપવાની જાહેરાત કરી હતી, જેને સહુએ ઉષ્માપૂર્વક આવકાર આપ્યો હતો.

આભારવિધિ નટવર પટેલે કરી હતી. બીજી બેઠકમાં પુરસ્કારો વિશે યશવંત મહેતાએ વિસ્તૃત વાત કરી હતી. કંચન-રશ્મિન શ્રેષ્ઠ બાળવાર્તા પુરસ્કાર ડૉ. રવીન્દ્ર અંધારિયાને, શ્રેષ્ઠ જીવનચરિત્ર પુરસ્કાર રજની વ્યાસને, સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન વિજ્ઞાન લેખક પુરસ્કાર ડૉ. કિશોર પંડ્યાને, આત્મા-રેવા બાળવાર્તા પુરસ્કાર ગિરા પિનાકીન ભટ્ટને, હરિશન નાયક શિશુકથા પુરસ્કાર રમેશ ત્રિવેદીને તથા ડૉ. ઈશ્વર પરમાર પ્રથમ પુરસ્કાર વિશે યોસેફ મૅકવાને રસપ્રદ વાત કરી હતી. હસમુખ બોરાણિયાને 'ચકલીનો માળો' પુસ્તક માટે પુરસ્કાર એનાયત થયો હતો. બીજા સત્રની આભારવિધિ યોસેફ મૅકવાને કરી હતી. આ અધિવેશનમાં રાજ્યભરમાંથી બાળસાહિત્યકારો, ભાવકો સહિત સાહિત્ય પ્રકાશકો ઉપસ્થિત રહ્યા હતા.

# 'નચિકેતા'માં અનોખી રીતે વસંતપંચમીની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૭

'મા કી જલી હૂઈ રોટીયોં પે બહોત શૌર મચાયા તુમને ,કુછ શબ્દ મા કી જલી હુઈ ઉંગલીઓ પર ભી બોલ દેતે...' પ્રખ્યાત ગઝલકારનો આ શેર માતાનું ઋણ ચુકવવાની યાદ અપાવે છે. ત્યારે વસંતપંચમીના પાવન પર્વ પર નચિકેતા સ્કૂલીંગ સિસ્ટમમાં એક અનોખો કાર્યક્રમ યોજાયો. જેમાં તમામ વિદ્યાર્થીઓની માતાને ખાસ સ્કૂલ પર બોલાવવામાં આવ્યા અને વિદ્યાર્થીઓએ માતા સરસ્વતિની સાથે પોતાની માતાના પગ ધોઈ તેનું પુજન કર્યું અને સાથે જ ખુબ જરૂરી એવી શિક્ષણ અને સંસ્કાર કેળવવાની પ્રતિજ્ઞા લીધી.

નાના ભુલકાએ પોતાની માતાના જમણા પગનું પૂજન શરૂ કર્યું ત્યારે અનેક માતાઓ પોતાની જાતને રોકી ન શકી અને ચોધાર આંસુએ રડી પડી. દરેક માતાએ આ કાર્યક્રમ બાદ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓમાં કરાતા શિક્ષણ સાથેના સંસ્કારો બદલ સ્કૂલ મેનેજમેન્ટનો ધન્યવાદ માન્યો. આ તબક્કે ફાઉન્ડર પ્રેસિડેન્ટ સાંઈરામ દવેએ મા પરનું સુંદર વકતવ્ય આપ્યું હતું. પ્રખ્યાત સિંગર કિર્તીદાન ગઢવીએ પણ વાલી તરીકે સ્કૂલના આ અનોખા કાર્યક્રમમાં હાજરી આપી હતી તેમણે આ કાર્યને આજના કપરા સમયમાં લાગણીઓ જીવીત રાખનાર કાર્ય ગણાવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

અનુભવ
એ એવો કાંસકો છે
જે કુદરત
આપણને ત્યારે આપે છે
જ્યારે
આપણા માથે
વાળ નથી રહ્યા હોતા

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
રઈસ
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
કુંગ ફુ યોગા (હિન્દી)
૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
કુંગ ફુ યોગા (અંગ્રેજી)
૭.૦૦

**સ્ક્રીન-૩**
ધ ગ્રેટ વૉલ (૩ડી, અંગ્રેજી)
૧૨.૩૦, ૬.૩૦
રૅસીડૅન્ટ ઍવિલ (૩ડી, અંગ્રેજી)
૨.૩૦, ૮.૩૦
રૅસીડૅન્ટ ઍવિલ (૩ડી, હિન્દી)
૪.૩૦

**સ્ક્રીન-૪**
શુભ આરંભ (ગુજરાતી)
સવારે ૧૦.૦૦
કાબિલ
૧૨.૪૫
સુપરસ્ટાર (ગુજરાતી)
૩.૪૫
દંગલ
૬.૪૫
ગુજ્જુ રૉક્સ (ગુજરાતી)
૯.૪૫

**સ્ક્રીન-૫**
કુંગ ફુ યોગા (હિન્દી)
સવારે ૧૦.૦૦
રઈસ
૧૨.૩૦
કાબિલ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# શમણાં તો અશ્વમેધના અશ્વો જેવા, છૂટો દોર આપીએ તો જ વિશ્વવિજેતા બની શકે

દરેક વ્યક્તિના અઢળક સપના હોય છે. સપના અઢળક મેળવવા માટેના હોય છે. અઢળક ધન પ્રાપ્ત કરવાના, અઢળક સંપતિ પ્રાપ્ત કરવાના, અઢળક સુખ સાહ્યબી ભોગવવાના, અઢળક નામ અને દામ પ્રાપ્ત કરવાના, અઢળક ચાહકોની વાહ અને ચાહ મેળવવાના, અઢળક પ્રશંશકોની પ્રશંશા મેળવવાના, અઢળક મિત્રો, સ્નેહીઓ, સંબંધીઓ અને કુટુંબીજનો પાસે થી અઢળક સંબંધો અને પ્રેમ મેળવવાના સપનાઓ.

સપનાઓ જોવા તો મહત્વના છે જ પણ તેનાથી વધારે મહત્વનુ સપનાઓ સાથે જીવવાનું છે, સપનાઓને જીવંત રાખીને જીવવાનું છે. સપનાઓ જોવામાં અને સપનાઓને જીવવામાં મોટો ફરક છે. સપનાઓ જીવવા એટલે સપનાઓનું સતત રટણ કરવું, સપનાઓની જ એક ધૂનમાં તલ્લીન થઈ જવું, સપનાઓને સતત નઝરમાં રાખવા, સપનાઓને ક્યારેય નઝર-અંદાઝ ના કરવા, સપનાઓને દિલો-દિમાગમાં કંડારી લેવા, સપનાઓ સાથે ઓતપ્રોત થઈ જવું, ઔર સપનો કે સાથ ઘૂલમીલ જાના. આવું કરી શકીએ તો જ એમ કહી શકીએ કે હા, અમે અમારા, પોતિકા સપનાઓ સાથે જીવી શકીએ છીએ અને જીવીએ છીએ.

સપનાઓ સાથે જીવવું એટલા માટે મહત્વનુ છે કે જોયેલા સપનાઓને હાંસલ કરવાના હોય છે. એ માટે એક નક્શો બનાવવો પડે, બનાવેલા નકશા ઉપર ચાલવા કે દોડવા માટે 'સ્ટેપ બાય સ્ટેપ' આયોજન કરવું પડે, આપણા પ્રવાસના એક એક પડાવ ઉપર પહોંચવા માટેની સમય મર્યાદાઓ બાંધવી પડે અને નક્કી કરેલા સપનાઓને પકડવા અથાગ પ્રયત્નો કરવા પડે. એક સપનું સાકાર થાય પછી બીજું સપનું, ફરી પછી એ જ પ્રક્રિયા, પછી ત્રીજું, ચોથું, પાંચમું ને આમ જ સપનાઓને હાંસલ કરવાની પ્રક્રિયા સતત ચાલતી જ રહે. આમ જ જીવવું એટલે જ સપનાઓની સાથે જીવવું અને એટલે જ સપનાઓને જીવવા.

સપનાઓ પંખી જેવા હોય છે, પકડવા જઈએ તો ક્યારેક ઉડીને આપણાથી દૂર પણ ચાલ્યા જાય. જેવા સપનાઓને પકડવા અને હાંસલ કરવા માટે સતત અને સતત મથવું પડે.

સપનાઓને કોઈ જ સીમામાં બાંધી ના શકાય કારણ કે સપનાઓ અસિમ હોય છે. સપનાઓની કોઈ ક્ષિતિજ નથી હોતી. સપનાઓ આકાશ જેટલા ઊંચા હોય છે. આપણે જેટલા ઊંચા ચડીએ એમ સપનાઓ ઊંચે ને ઊંચે ચડતા જાય. સપનાઓ સાગરના પેટાળ જેટલા ઊંડા હોય છે. સપનાઓને કોઈ જ પ્રકારના નિશ્ચિત વર્તુળમાં કેદ કરી શકતા નથી કે સપનાઓની આડે કોઈ જ લક્ષ્મણરેખા દોરી શકતી નથી. સપનાઓને જો કોઈપણ રીતે બાંધી દઈએ તો સપના પછી સપના ના રહે. સપના તો અશ્વમેધના અશ્વો જેવા, છૂટ્ટોદોર આપીએ તો જ વિશ્વવિજેતા બની શકે.

આ સપનાઓ એટલે ચંદ્ર કે તારાઓ કે અંધારી રાતના કાળા આકાશની સાક્ષીએ મધ્ય રાત્રિએ ભર ઊંઘમાં જોવાતા સપનાઓ નહીં. આ સપનાઓ એટલે ધોળે દિવસે, સૂરજની સાક્ષીએ જોવાતા દિવાસ્વપ્નો પણ નહી. આ સપનાઓ તો દિવસ-રાત, સતત–સતત, ખુલ્લી આંખે અને બંધ આંખે પણ જોવાતા સપનાઓ જે વ્યક્તિને સુખચેન થી જીવવા પણ ના દે અને છતાએ સપનાઓ સાથે જીવવાની મજા આવે અને એ જ સપનાઓ જીવવા માટે બળ પણ આપતા રહે.

સપનાઓ તો બાળક જેવા,




vamlani@yahoo.co.uk

સૌને ગમે, સૌના વહાલા. સપનાઓ સાથે ગમ્મત કરીએ, સપનાઓને લાડ લડાવીએ, ક્યારેક વઢીએ, ક્યારેક તેના ઉપર ગુસ્સો કરીએ અને તેને છુટ્ટા હાથે પ્રેમ પણ કરતાં રહીએ. સપનાઓને તો બાળકની જેમ ઉછેરીએ અને આપણી ઈચ્છા, આપની મહત્વાકાંક્ષા મુજબ જ તેનું ઘડતર કરીએ.

ક્યારેક સપનાઓને આપનો પડછાયો બનાવીએ તો ક્યારેક આપણે ખુદ સપનાઓનો પડછાયો બની જઈએ. સપનાઓ તો મખમલી ચાદર જેવા, ક્યારેક ઓઢી લઈએ તો ક્યારેક સળ વાળીને, સંકેલીને અલમારીમાં પણ મૂકી દઈએ.

સપનાઓ એ કઈ 'ટાઈમપાસ' માટેનું સાધન નથી. સપનાઓથી તો સમયને બાંધી શકાય, સપનાઓ વડે સમયને નિચોવી અને તેનો અર્ક કાઢી શકાય અને એ જ અર્કને જીવન જીવવા માટે નો અર્ક બનાવી શકાય.

સપનાઓ મનના કોઈ અંધારીયા ખૂણામાં સંઘરી રાખવા માટે નથી હોતા. સપનાઓને જો સંઘરી જ રાખીએ તો એ કાટમાળ જેવા બની જાય. સંઘરી રાખેલા સપનાઓ સાપનો ભરો બની જાય. સંઘરી રાખેલા સપનાઓ સાપની જેમ આપની સામે જ ફૂંફાડા મારે, આપણ ને જ પજવે. બાળકૃષ્ણએ જેમ કાળીનાગને નથિયો હતો એમ સપનાઓના સાપને તો નાથવો જ પડે અને તો જ એ નાગ ની ફેણ ઉપર વિજેતા બાળકૃષ્ણની જેમ સવાર થઈ શકાય.

સપનાઓ એકલા એકલા, છાના-છપના પણ જોઈ શકાય. પણ સપનાઓને છાના-છપના જોવા સારા નહીં. છાના-છપના જોયેલા સપનાઓ વ્યક્તિના પોતાના સુધી જ મર્યાદિત રહી જાય. છાના-છપના સપનાઓ જો સાકર થાય તો તેનો આનંદ એ વ્યક્તિ પૂરતો જ મર્યાદિત રહે અને સાકાર ના થાય તો તેની ગ્લાનિ કે નિરાશા પણ એ એક વ્યક્તિ પૂરતી જ મર્યાદિત રહે. સપનાઓને છાના-છપના જોવાને બદલે સેવેલા સપનાઓ કુટુંબીજનો, સ્નેહીઓ, સંબંધીઓ અને મિત્રો સુધી વહેંચીએ. આમ કરવાથી સેવેલા સપનાઓને સાકાર કરવા માટે મન વધુ મક્કમ બને, બળ વધુ પ્રબળ બને. ક્યારેક એવું બને કે આપણાં સેવેલા સપનાઓને સાકાર કરવા માટેનો આપણે રાહ ભૂલી જઈએ, બે-રાહ બની જઈએ. આવી પરિસ્થિતિમાં જે લોકો આપણાં સપનાઓ વિષે જાણતા હશે એ લોકો આપણને રોકે, ટોકે, ટોણો મારે, સાથ આપે, સહકાર આપે, પ્રોત્સાહિત કરે, રાહ બતાવે, ઈચ્છાશક્તિને વધારે પ્રબળ બનાવે. છાના-છપના જ જો સપના સેવીએ તો છાનું-છપનું જ રડવું પડે ને છાનું-છપનું જ હસવું પડે. તેને બદલે સાથે મળીને રડવામાં કે હસવામાં અનેરો આનંદ હોય છે.

વ્યક્તિએ સેવેલા સપનાઓ એકલા ના હોય. તેની સાથે જીવનના મૂલ્યો પણ સંકળાયેલા અને જોડાયેલા હોય. બચપણથી જ વ્યક્તિના જીવનમાં સંસ્કારોનું અને મૂલ્યોનું સંસ્કરણ થયેલું હોય છે. એ જ સંસ્કારો વ્યક્તિના સ્વપ્નમહેલના પાયા જેવા હોય છે. એ જ સંસ્કારો, શમણાંઓના વટવૃક્ષના મૂળીયા જેવા હોય છે. સપનાઓના સંવર્ધન ની સાથેસાથે તેની સાથે જોડાયેલા સંસ્કારો અને મૂલ્યોનું સંવર્ધન અને જતન જરૂરી હોય છે. સંસ્કારોના અને મૂલ્યોના સંવર્ધન અને જતન વિનાના સાકાર કરેલા સપનાઓ હવાઈમહેલ જેવા સાબિત થઈ શકે છે. આ રીતે સાકાર કરેલા સપનાઓ ગમે ત્યારે પરપોટો થઈ ને ફૂટી જાય.

દરેક વ્યક્તિએ જીવનમાં સપનાઓને તો સેવવા જ પડે. ચાલો, સેવેલા સપનાઓને જ જીવન માની લઈએ અને જીવનમૂલ્યોની સાથે જીવતા જીવતા જીવન ને પણ એક સપનું માની લઈએ.



# કવિ પારસ હેમાણીના દ્વિતિય કાવ્ય સંગ્રહનું લોકાર્પણ કરાયું

ગાંધીનગર, તા. ૬

રાજકોટના યુવા કવિ પારસ હેમાણીના દ્વિતિય કાવ્ય સંગ્રહ 'આપણી વાત'નું વિમોચન કવિના નિવાસસ્થાને સાદગીપૂર્ણ માહોલમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે મેયર ડૉ. જૈમિનભાઈ ઉપાધ્યાય, ફૂલછાબ દૈનિકના મૅનેજર નરેન્દ્રભાઈ જીબા અને નટવર આહલપરા ઉપસ્થિત રહ્યા હતા. કવિનાં માતા-પિતા દક્ષાબેન તથા ડૉ. એસ ટી હેમાણી અને કાકા કિશોરભાઈના વરદ હસ્તે આ નવતર કાવ્ય સંગ્રહનું વિમોચન કરવામાં આવ્યું હતું.

અતિથિઓનું અભિવાદન હેમાણી પરિવારની દીકરીઓ રીત્વી, વિરાલી અને નિયતિ દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. જૈમિન ઉપાધ્યાયે કવિનું શાલ અને કલમથી સન્માન કર્યું હતું અને કવિના વિમોચિત સંગ્રહની ૫૧ પ્રતો પણ ખરીદી હતી.

પ્રતિભાવરૂપે કવિ પારસ હેમાણીએ જણાવ્યું હતું કે પોતાના શબ્દોને તેજસ્વી બનાવવામાં વડીલો, સામયિકો, વર્તમાનપત્રોનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. આભાર દર્શન ડૉ. વિમલ હેમાણીએ કર્યું હતું.

કાવ્યસંગ્રહના વિમોચન બાદ કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ખ્યાતિ શાહ, હેમલ દવે, હર્ષિદા ત્રિવેદી, ભરત ચતવાણી, રાકેશ હાંસલિયા, અમિત વ્યાસ, દિનેશ કાનાણી, લક્ષ્મી ડોબરિયા, દીપક ત્રિવેદી, વારીજ લુહાર, ડૉ. શૈલેષ ટેવાણી, પ્રદીપ રાવલ, સાહિલ, ડૉ. એસ ટી હેમાણી, જગદીશ દેથરીયા, પરાગ પલાણ, પારસ હેમાણી અને ભાસ્કર ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. સૌ કવિઓએ કવિતાના પાઠ કરી માહોલ કવિતામય બનાવી દીધો હતો.

બંને કાર્યક્રમોનું સંચાલન નટવર આહલપરાએ કર્યું હતું.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**